પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી.
ઓઢવ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
ફોન નં-૦૭૯-૨૨૯૦૨૪૨૫.ઈ-મેઈલ-POLSTN-ODHAV-AHD@GUJARAT.GOV.IN
પોલીસ કંટ્રોલરૂમ નં-૦૭૯-૨૫૬૨૭૫૧૦.

## પ્રેસનોટ.

## ભારતીય પ્રતિબંધીત સીગારેટના જથ્થાનુ વેચાણ કરતા તમાકુ અધીનીયમના કેસો શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ"ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ ભારતીય પ્રતિબંધીત સીગારેટના જથ્થાનુ ગેરકાયદેસર વેચાણ કેસો શોધી કાઢી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ અમો સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈન્સ એસ.જે.ચૌહાણ તથા બીજા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો સાથે તમાકુ અધીનિયમ ૨૦૦૩ ની સખત અમલવારી કરવા સારુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા ઓઢવ વિરાટનગર ચાર રસ્તા પાસેથી નીચે જણાવેલ પાન પાર્લરના દુકાનદારો પાસેથી નીચે મુજબના ભારતીય પ્રતિબંધીત સીગારેટના જથ્થાનુ ગેરકાયદેસર વેચાણ કરતા આજરોજ તા-૧૩/૦૯/૨૦૧૯ ના રોજ મળી આવેથી કાયદેસર કાર્યવાહી કરી તમાકુ અધીનીયમનના બે કેસો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૧૩/૦૭/૨૦૧૯.

(૧) ઓઢવ વિરાટનગર ઉત્સવ પાન પાર્લર દુકાનદાર મુકેશભાઈ ગોપાલદાસ જાતે ગુપ્તા ઉ.વ ૫૦ રહે.મ.ન. ડી/૩૦૪ કે.પી હાઇટ વિરાટનગર અમદાવાદ શહેર નાઓની દુકાનમાંથી ભારતીય પ્રતિબંધીત સિગારેટ તથા ટોબેકો પ્રોડક્ટ્સની (૧) DJARUM BLACK એક પેકેટમા ૧૮ નંગ સિગારેટ કી.રુ.૨૧૬/- ગણી તથા નં-(૨) GUDANG GARAM એક પેકેટમા ૧૨ નંગ સિગારેટ કીરુ.૧૫૬/- ગણી કુલ્લે કીરુ.૩૭૨/- ના મતાનો મુદ્દામાલ સાથે માળી આવેલ

(૨) ઓઢવ વિરાટનગર અભિષેક પાન પેલેસ દુકાનદાર રાજેશભાઇ ચીરંજીલાલ જાતે શર્મા, ઉ.વ ૪૨ રહે.મ.નં. ૪૨, અવકાશ સોસાયટી, નવલખા બંગ્લાની પાછળ, ભીંડભંજન, બાપુનગર, અમદાવાદ શહેર નાઓની દુકાનમાંથી ભારતીય પ્રતિબંધીત સિગારેટ તથા ટોબેકો પ્રોડક્ટ્સની નં.૧. DJARUM BLACK ના સિંગારેટના પેકેટ નંગ-૧૫ કી.રુ.૩૯૦૦/- ગણી તથા નં.૨. GUDANG GARAM ના સિગારેટના નંગ-૫ કી.રુ.૮૦૦/ ગણી મળી કુલ્લે કીરુ.૪૭૦૦/- ના મતાના મુદ્દામાલ સાથે મળી આવેલ.

# પ્રેસ નોટ

એલીસબ્રીજ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ શ્રી નાઓની સુચના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ એ.પી.જેબલીયા તથા સ્ટાફના માણસોએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફ ગુ ર નં ૩૫/૨૦૧૯ તથા સેટેલાઇટ પોલીસ સ્ટેશન ફ ગુ ર નં ૫૨/૨૦૧૯ તથા આનંદનગર પોલીસ સ્ટેશન ફ ગુર નં ૫૯/૨૦૧૯ તથા અન્ય ગુનાઓના આરોપી નામે મોહમદ શહેજાદ સ/ઓ મોહમદ શઇદ જાતે અન્સારી ઉ.વ ૪૫ રહે ઘર નં બી/૧૬ હાઉસીંગ કોલોની પઠાણ ની ચાલી બી,આર.ટી.એસ બસ સ્ટેશન ની પાસે દાણીલીમડા અમદાવાદ નાને ઉપરોક્ત ગુનાઓમા અટક કરેલ હોય જે ચેનસ્નેચીંગ ના ગુનાઓના કામે આરોપી જામીન ઉપર મુક્ત થયેલ હોય જે આરોપીને મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓની કચેરીના પાસા ક્રમાક પીસીબી/ ડીટીએન/પાસા /૭૬૬/૧૯ તા: ૧૧/૦૭/૨૦૧૯ આધારે આરોપીને તા: ૧૧/૦૭/૨૦૧૯ ના રોજ પકડી ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી આરોપીને પાસામા કેદમા રહેવા સારુ મધ્યસ્થ જેલ ભુજ ખાતે મોકલી આપી સારી કામગીરી કરેલ છે. તા: ૧૩/૦૭/૨૦૧૯

Scanned with CamScanner

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
## અમદાવાદ શહેર.

# પ્રેસનોટ

મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ અમદાવાદ શહેર તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર નાઓની સુચના માર્ગદર્શન મુજબ પો.ઈન્સ. શ્રી એલીસબ્રીજ પો.સ્ટે. નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. એ.પી. જેબલીયા તથા સાથેના સ્ટાફના હે.કો. રણજીતસિંહ લક્ષ્મણસિંહ તથા હે.કો. અખિલેશકુમાર જગદીશ તથા પો.કો. મો.ફારૂકખાન અલીખાન તથા પો.કો. નરેશભાઈ ભારમલભાઈ તથા પો.કો. અલ્પેસભાઈ વાઘુભાઈ તથા પો.કો. મહેન્દ્રભાઈ રમેશભાઈ તથા પો.કો. રાહુલભાઈ વશરામભાઈ તથા પો.કો. મુળુભાઈ વેજાભાઈ તથા વુ.લોકરક્ષક વંદનાબેન પ્રભુભાઈ નાઓએ એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.નં. ૬૩/૧૯ ઈપીકો કલમ ૪૫૭ , ૩૮૦ , ૫૧૧ મુજબના ગુનાના કામે પકડાયેલ આરોપી અલ્પેસ @ કાળુ @ જરીવાળો સન/ઓફ સોમાભાઈ સોલંકી ઉવ.૨૨ રહે, ૧૫૨/૫ ગણેશનગર જુનામાં ભાઠા ગામ વાસણા અમદાવાદ શહેર નાને તા. ૧૧/૦૭/૨૦૧૯ ના કલાક ૦૨/૧૫ વાગે અટક કરી ત.ક.અધિકારી શ્રી એ.પી. જેબલીયા પો.સ.ઈ. શ્રીએ વધુ તપાસના કામે નામદાર કોર્ટમાંથી આરોપીના તા.૧૨/૦૭/૧૯ ના ક. ૧૭/૦૦ વાગ્યા સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવી આરોપીને વિશ્વાસમાં લઈ યેનકેન પ્રકારે સઘન પુછપરછ કરતાં આરોપીએ (૧) આજથી આશરે એક વર્ષ પહેલાં પ્રગતિનગર મૈત્રીનગર સોસાયટી માં એક કોર્નર ના મકાનમાં પોતે અને પંકજ જયરામભાઈ સાથે ગયેલ અને રાતના ત્યાં મકાનનો લોક તોડી મકાનમાંથી સોનાની બુટ્ટી તથા રોકડા રૂ. ૨૦૦૦ ચોરીમાં કરેલ હોવાનું કબુલાત કરતાં નારણપુરા પો.સ્ટે. ખાતે વર્ધી આધારે જાણ કરવામાં આવેલ છે. તથા (૨) આજથી આશરે વીસ થી બાવીસ દિવસ પહેલાં ગુજરાત કોલેજ સામે વોલ સ્ટ્રીટ -૧ ના ચોથા માળે ઓફિસનો તાળુ તોડી તેમાંથી મો.ફોન નંગ-૧ તથા સોનાની વિંટી અને રોકડા રૂ. ૨૭૦૦/- ની ચોરી કરેલાની કબુલાત કરતાં આ બાબતે ખાત્રી તપાસ કરતાં ફરીયાદી શ્રીએ એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬૪/૧૯ ઈપીકો કલમ ૪૫૪ , ૪૫૭ , ૩૮૦ મુજબનો ગુનો દાખલ કરાવેલ હોય જે સબંધે આરોપીને જેલયાદી આધારે સાબરમતી સેન્ટ્રલ જેલથી લાવી ગુનાના કામે તા. ૧૩/૦૭/૨૦૧૯ ના ક. ૧૩/૦૦ વાગે અટક કરી ગુનાના કામે ચોરીમાં ગયેલ મો.ફોન નંગ-૧ કિ.રૂ. ૩૦૦૦/- તથા સોનાની વિંટી કિ.રૂ. ૩૦૦૦૦/- ના મત્તાની રિકવર કરી ઘરફોડ ચોરી શોધી કાઢી આરોપી અટક કરી સર્વેલન્સ સ્કોડ ના સ્ટાફે સારી કામગીરી કરેલ છે. તા. ૧૩/૦૭/૨૦૧૯

Scanned with CamScanner

પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી.
ઓઢવ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
ફોન નં-૦૭૯-૨૨૯૦૨૪૨૫.ઈ-મેઈલ-POLSTN-ODHAV-AHD@GUJARAT.GOV.IN
પોલીસ કંટ્રોલરૂમ નં-૦૭૯-૨૫૬૨૭૫૧૦.


## પ્રેસનોટ.

## રીક્ષા ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડી પાડી ગુનો ડિટેક કરતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અક્ષયરાજ મકવાણા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ"ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનામાં સંડોવાયેલ આરોપીઓની તપાસ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ અમો સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈન્સ એસ.જે.ચૌહાણ તથા અનાર્મ હેડ કોન્સ. દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ તથા લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૨૩૦૨ તથા લોકરક્ષક યુવરાજસિંહ જવાનસિંહ બ.નં-૧૨૭૯૧ એ રીતેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા ઓઢવ સી.એમ.સી વેરા પાસે આવતા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે કે "ઓઢવ પો. સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૯૯/૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના" ગુનાના કામે એક ઓટો રીક્ષા નં-GJ.27.Y.2924 કિ.રૂ.૮૦૦૦૦/ ના મત્તાની ચોરીના મુદ્દામાલ સાથે આરોપી અનીલ ઉર્ફે અન્નુ સ/ઓ રાજુભાઇ રમણભાઇ જાતે પટણી, ઉ.વ.૨૦ રહે: ભવાનીનગર વિભાગ-૨, ગેટ નં-૦૪, તેજાભાઇ ડોડીયાની ચાલી, ઓઢવ, અમદાવાદ શહેર નાને તા-૧૧/૦૭/૨૦૧૯ ના ક.૨૧/૧૫ વાગે પકડી અટક કરી રીક્ષા ચોરીનો અનડિટેક ગુનો ડિટેક કરી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૧૧/૦૭/૨૦૧૯.

પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
જી.આઇ.ડી.સી વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૮૩૦૦૦૪
polstn-vatvagidc-ahd@gujarat.gov.in
પોલીસ કંટ્રોલ રૂમ ટેલીફોન નબંર–૦૭૯-૨૫૬૨૭૫૧૦

# પ્રેસનોટ

# પ્રોહીબીશનનો કેસ શોધતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગારની બદી નેસ્તોનાબુદ કરવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ સાહેબ નાઓની સુચના અનુસાર પો.સ.ઇ. સી.એમ.રાઠોડ તથા પ્રો.મસઈ મહેંદ્રસિંહ લક્ષ્મણસિંહ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પ્રો.મસઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા અપોકો ફીરોજશા મરદાનશા બ.નં ૯૦૦૧ તથા એલ.આર. રવિકુમાર શાહુભાઇ બ.નં-૪૨૬૫ નાઓની બાતમી હકીકત આધારે જીઆઈડીસી વટવા ફેઝ-૦૪ આદિત્ય ગેસ એજન્સીની દુકાન પાછળ ખુલ્લી જગ્યામાં રેઈડ કરતા આરોપી- બિપીન રામનિવાસ જાતે-બાથમ ઉ.વ.-૩૩ રહે-૩૩, સાઇનાથ રો-હાઉસ, બી/એચએમએન વિધ્યાલય, પટેલ લહેરી ફાર્મ, તા-દસ્ક્રોઇ અમદાવાદ હાલ રહે-૩૬, મોરજગત સોસાયટી વિંઝોલ રેલ્વે ક્રોસિંગ પાસે વટવા અમદાવાદ શહેર મુળ રહે- ગામ-લખનપુર તા-કાયમગંજ જી-ફારુકાબાદ રાજ્ય-ઉત્તરપ્રદેશ નાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ એપીસોડ ક્લાસીક વ્હીસ્કી નંગ ૩૬ કિ.રૂ. ૧૦,૮૦૦/- (૨) એક એમ.આઇ. કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી) મુજબ કેસ શોધી કાઢવામાં આવેલ છે. તા.૧૩/૦૭/૨૦૧૯

Scanned by CamScanner